ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં માસ પ્રમોશનથી વર્ગ બઢતીની સૂચનાઓની સ્પષ્ટતા બાબત.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૮૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર
તા.૨૯/૦૪/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
ગુજરાત રાજય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માસ પ્રમોશનના અંગેની સૂચનાઓ સંદર્ભે સ્પષ્ટતા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૯૬-૪૨૧૬ તા.૨૭/૦૮/૨૦૧૮
(૨) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ તા.૧૬/૦૪/૨૦૨૧
(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૩૨-૭૦ તા.૨૩/૦૪/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર-૨ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરીને ઉપલા ધોરણમાં લઈ જવા માટેની જોગવાઈ થયેલ છે. સંદર્ભદર્શિત પત્ર-૩ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં આવેલ તમામ માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને માસ પ્રમોશન માટેની જોગવાઈઓની જાણ કરવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભદર્શિત પત્ર-૩ અંગે શાળાના આચાર્યો / શિક્ષકો મારફતે શૈક્ષણિક વર્ષ–૨૦૨૦-૨૧ માં COVID-19 ની પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીઓની હાજરી અને આંતરિક મૂલ્યાંકન, એકમ કસોટી તેમજ પ્રથમ પરીક્ષા સંદર્ભે કેટલીક રજૂઆતો અત્રેની કચેરીને મળેલ છે. ઉક્ત રજૂઆતોના પ્રત્યુત્તરમાં આ સાથે સામેલ પત્રક-A મુજબ FAQs તૈયાર કરેલ છે. તે ધ્યાને લઈ માસ પ્રમોશન અંગેની કાર્યવાહી કરવાની રહે.

બિડાણ :-

- પત્રક – A મુજબના FAQs

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના યોગ્ય તે કાર્યવાહી અર્થે :-

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ અને અમલવારી સારૂ.

D:\MITESH\WORD FILE\માસ પ્રમોશન - 2021\કોરોના વાયરસ (કોવિડ-૧૯) અન્વયે રાજયની તમામ શાળાઓ માટે સૂચનાઓ બહાર પાડેલ છે તેમાં સુધારા બાબત..DOCX

જા.નં/મા-૭/માસ પ્રમોશન/૨૦૨૧/ 6037
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, જિ-સુરત. તા.30/04/૨૦૨૧.
પ્રતિ, આચાર્યશ્રી, સુરત જિલ્લાની સરકારી, અનુદાનિત/બિન અનુદાનિત ખાનગી મા/ઉ.મા.શાળાઓ તમામ,

૨/- ઉકત પત્રથી જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિ-સુરત.

ધો-૯ અને ધો-૧૧ ના માસ પ્રમોશનથી વર્ગ બઢતીની સૂચનાઓ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૩૨-૭૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી જુના સચિવાલય પાસે
ગાંધીનગર
તા.૨૩/૦૪/૨૦૨૧

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૦૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માસ પ્રમોશનના આધારે પરિણામ પત્રક અને શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.) આપવા માટે ધ્યાનમાં લેવાની સૂચનાઓ બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૨૨૧૦-૪૯ તા.૨૪/૦૨/૨૦૨૧
(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૨૨૯૮-૨૩૩૭ તા.૨૬/૦૨/૨૦૨૧
(૩)અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૨૪૧૯-૫૭ તા.૦૨/૦૩/૨૦૨૧
(૪) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૨૫૫૨-૯૦ તા.૧૭/૦૩/૨૦૨૧
(૫) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૨૫૯૩-૨૬૩૧ તા.૧૮/૦૩/૨૦૨૧
(૬) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ તા.૧૬/૦૪/૨૦૨૧

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યમાં તાજેતરમાં કોરોના વાઈરસ (COVID-19) નું સંક્રમણ વધતા સંદર્ભદર્શિત પત્ર-૬ થી રાજ્યના ધોરણ-૦૯ અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા અંગે પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. ઉક્ત પરિપત્રના આધારે શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સાથે નોંધાયેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ (તમામ પ્રવાહના) વિદ્યાર્થીઓ માટે "માસ પ્રમોશનથી" પાસ જાહેર કરીને ઉપલા ધોરણમાં લઈ જવા અંગેનો નિર્ણય કરેલ છે.

અત્રેની કચેરીના સંદર્ભદર્શિત પત્ર-૧ થી શાળાકીય પ્રથમ પરીક્ષા અને વાર્ષિક પરીક્ષા યોજવા બાબતનો પરિપત્ર કરવામાં આવેલ હતો. સંદર્ભદર્શિત પત્ર-૨ થી આંતરિક મૂલ્યાંકન માટે ગુણાંકન કરવા અંગે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. સંદર્ભદર્શિત પત્ર-૩, ૪ અને ૫ થી શાળાકીય પરીક્ષાઓ યોજવા અંગે COVID-19 ની પરિસ્થિતિને અનુરૂપ સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. શાળાકીય પરીક્ષા યોજવા બાબતની સૂચનાઓના આધારે શાળાઓ દ્વારા ધોરણ-૯ થી ધોરણ-૧૨ ની પ્રથમ પરીક્ષા COVID-19 ની પરિસ્થિતિને ધ્યાને લઈ કેટલાક વિસ્તારો માટે પ્રત્યક્ષ યોજવી અથવા ઓનલાઈન યોજવામાં આવેલ છે.

ઉક્ત સૂચનાઓ અનુસાર શાળાઓ દ્વારા પ્રથમ પરીક્ષાનું આયોજન જે તે વિસ્તાર ધ્યાને લઈ પ્રત્યક્ષ પરીક્ષા અથવા ઓનલાઈન પરીક્ષા યોજાયેલ છે.

ઉપરોક્ત વિગતો અન્વયે પરિણામ તૈયાર કરતી વખતે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

- શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૦૨૧ માં પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ)ની પ્રત્યક્ષ અથવા ઓનલાઈન યોજાયેલ છે જ્યારે દ્વિતીય પરીક્ષા (૫૦ ગુણ) ની અને વાર્ષિક પરીક્ષા (૮૦ ગુણ) યોજાયેલ નથી.
- ધોરણ-૯ અને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના આંતરિક મૂલ્યાંકન માટે સામયિક કસોટી (એકમ કસોટી) (૧૦ ગુણ), નોટબુક સબમિશન (૦૫ ગુણ) અને સબ્જેકટ એનરીચમેન્ટ એકટીવીટી (૦૫ ગુણ) એમ કુલ આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. તે મુજબ શાળાઓ દ્વારા આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકન કરવાનું રહેશે.
- ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉત્તરબુનિયાદી પ્રવાહના આંતરિક મૂલ્યાંકન માટે ટર્મ પેપર કુલ-૧/સ્વાધ્યાય કુલ-૧ (૧૦ ગુણ), પુસ્તકાલયમાંથી અભ્યાસના ઉપયોગી એક પુસ્તકનું અવલોકન (૦૫ ગુણ) અને પ્રોજેક્ટસ (૦૫ ગુણ) એમ કુલ આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. તે મુજબ આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકન કરવાનું રહે.
- COVID-19 ના કારણે સમગ્ર વર્ષ દરમિયાન મોટા ભાગે પ્રત્યક્ષ શિક્ષણના બદલે ઓનલાઈન શિક્ષણ દ્વારા શૈક્ષણિક પ્રક્રિયા થયેલ છે. વર્ષ દરમિયાન આંતરિક મૂલ્યાંકન માટે શાળાઓ દ્વારા તેમજ સરકાર દ્વારા એકમ કસોટીઓ યોજવામાં આવેલ છે. દ્વિતીય કસોટી યોજાયેલ નથી સંદર્ભદર્શિત પત્ર-૨ થી બોર્ડ દ્વારા બહાર પાડેલ સૂચનાઓમાં આંતરિક મૂલ્યાંકન માટે પ્રથમ પરીક્ષા, વાર્ષિક પરીક્ષા અને આંતરિક મૂલ્યાંકનના આધારે ગુણાંકન કરવાની જોગવાઈ કરેલ હતી. પરંતુ દ્વિતીય પરીક્ષા અને વાર્ષિક પરીક્ષાઓ યોજાયેલ ન હોય વિદ્યાર્થીઓના પરિણામ બનાવતી વખતે દ્વિતીય પરીક્ષાના ગુણ અને વાર્ષિક પરીક્ષાના ગુણના ખાનામાં ગુણ મૂકવાના બદલે "(COVID-19) ના કારણે પરીક્ષા યોજવામાં આવેલ નથી તેમ દર્શાવવુ."
- આમ, પરિણામ પત્રક તૈયાર કરવા માટે પ્રથમ પરીક્ષા (૫૦ ગુણ), આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) એમ કુલ ૭૦ ગુણની પરીક્ષાઓ યોજાયેલ છે. ઉક્ત કુલ ૭૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને પરિણામ તૈયાર કરવાનું રહે. પરિણામના ખાનામાં વિષયવાર ૭૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને જે તે વિષયના ખાનામાં આ ગુણ લખવાના રહેશે. વિદ્યાર્થી જે તે વિષયમાં 33 ટકા કે તેથી વધુ ગુણ મેળવે તો તે વિષયમાં તે પાસ ગણાય અને જો પરિણામમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓને E ગ્રેડ (33 ટકાથી ઓછા ગુણ) આવે તેવા સંજોગોમાં સિદ્ધિ ગુણ એકંદરે 33 ટકાથી વધુ ગુણ મેળવનારને દરેક ટકા દીઠ એક(૦૧) ગુણ અને વધુમાં વધુ ૧૫ ગુણની મર્યાદામાં રહીને પાસ થવા માટે ખૂટતા ગુણ આપી

શકાશે. આવો લાભ એક કે વધુ વિષયોમાં આપી શકાશે અને તે વત્તા(+) કરી અલગ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત. 30+3) આમ સિદ્ધિ ગુણને કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહી પરંતુ સિદ્ધિ ગુણ મેળવનાર વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે. સિદ્ધિ ગુણ આપવા છતાં પણ તેવા વિદ્યાર્થીઓને E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તો તેવા વિદ્યાર્થીઓને એક કે તેથી વધુ વિષયોમાં અનઉર્તીણ (નાપાસ) થનાર વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં બઢતી મળી શકે તે માટે શાળાના આચાર્ય વિદ્યાર્થીની ઉર્તીણ (પાસ) થવા માટે ખૂટતા જરૂરી કૃપા ગુણ આપી શકશે. (વર્ગ બઢતીના નિયમો મુજબ હાલની જોગવાઇ મુજબ આચાર્ય વધુમાં વધુ ૧૦ ગુણની મર્યાદામાં ખૂટતા જરૂરી કૃપા ગુણ આપી શકે છે. પરંતુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે કૃપા ગુણની મર્યાદા રદ કરવામાં આવે છે. એટલે કે આચાર્ય ૧૦ ગુણ થી વધુ અને વિદ્યાર્થીને પાસ થવા માટે ખૂટતા હોય તેટલા કૃપા ગુણ આપી શકશે.) આ કૃપા ગુણ પણ વત્તા(+) અલગ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત.૨૮+૫) આવા વિદ્યાર્થી રેન્કને પાત્ર રહેશે નહીં. અને આવા વિદ્યાર્થી પાસ ગણાશે. સામાન્ય સંજોગોમાં કૃપા ગુણ આપીને જે રીતે ઉપલા ધોરણમાં બઢતી આપવામાં આવે છે તેજ રીતે આવા વિદ્યાર્થીઓને ઉપલા ધોરણમાં પ્રવેશ માટે પાસ ગણવાના રહેશે અને પરિણામ પત્રકના પરિણામના ખાનામાં સામાન્ય સંજોગોમાં કૃપા ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીના કિસ્સામાં જે વિગતો દર્શાવવામાં આવે છે તેવી રીતે જ દર્શાવવાની રહેશે.

વાર્ષિક પરીક્ષા (સૈદ્ધાંતિક પરીક્ષા-૪૦ ગુણ અને પ્રાયોગિક પરીક્ષા-૪૦ ગુણ કુલ ૮૦ ગુણ) અને આંતરિક મૂલ્યાંકન (૨૦ ગુણ) લેવાતા હોય તેવા વિષયો માટે :-

- જે વિષયોની પરીક્ષા વર્ષમાં માત્ર એક જ વાર વાર્ષિક પરીક્ષા લેવાની જોગવાઈ છે તેવા વિષયોની પરીક્ષા લેવાયેલ નથી. તેથી તે વિષયોના ગ્રેડ વર્ષ દરમિયાન કરેલ આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને તે વિષયના ગ્રેડના ખાનામાં ગ્રેડ દર્શાવવાનો રહેશે જો તે વિષયમાં E ગ્રેડ (૩૩ ટકાથી ઓછા ગુણ) આવે તેવા સંજોગોમાં ઉપર જણાવ્યા અનુસાર સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપીને ઉમેદવારને પાસ કરવાનો રહેશે.
- ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ-૧૧ અન્ય પ્રવાહના જે વિષયોની પ્રાયોગિક પરીક્ષા વાર્ષિક યોજવાની હતી તે પ્રાયોગિક પરીક્ષા યોજાયેલ નથી. તેથી આવા પ્રાયોગિક વિષયમાં ગુણને બદલે (--) દર્શાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીને પ્રાયોગિક વિષયમાં પાસ જ ગણવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષામાં સૈદ્ધાંતિક વિષયોમાં કુલ ૭૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રૂપાંતર કર્યા બાદ સિદ્ધિ ગુણ અને કૃપા ગુણ આપવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીને પાસ થવા માટે સિદ્ધિ ગુણ તેમજ કૃપા ગુણ આપવા ફરજિયાત છે.
- આ રીતે મેળવેલ સિદ્ધિ ગુણ કે કૃપા ગુણનો કુલ ગુણની ગણતરીમાં સમાવેશ કરવો નહી.

- સદર જોગવાઈ હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં અપવાદરૂપ સંજોગોમાં જ કરવામાં આવેલી છે અને તે માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ પુરતી જ છે તે સૌ શાળાઓએ ધ્યાને લેવાની રહેશે.
- દર વર્ષની જેમ તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ ઉપરની જોગવાઈઓ મુજબ પરિણામ તૈયાર કરી પરિણામ પત્રક આપવાનું રહેશે. (પરિણામ પત્રકનો નમૂનો અને તે અંગેની સૂચનાઓ પરિશિષ્ટ-૧ માં સામેલ છે.)
- કોઈ વિદ્યાર્થી એક શાળામાંથી અન્ય શાળામાં પ્રવેશ મેળવે તેવા કિસ્સામાં શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.) આપવાનું થાય તો શાળા છોડ્યાના પ્રમાણપત્ર (S.L.C.)ની વિગતોમાં સામાન્ય સંજોગોમાં જે રીતે વિગતો દર્શાવવામાં આવે છે તે જ રીતે વિગતો દર્શાવવાની રહેશે.

વિદ્યાર્થીઓના પરિણામ પત્રક તૈયાર કરવાની કામગીરી જે તે જિલ્લાના વહીવટ તંત્ર દ્વારા નોવેલ કોરોના વાયરસ (COVID-19) ની પરિસ્થિતિને ધ્યાને લઈ અવર જવર માટે બહાર પાડવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઈને શાળાના આચાર્યશ્રીએ પાલન કરીને કરવાની રહેશે.

આ અંગે આપના તાબા હેઠળની તમામ સરકારી શાળાઓ, ગ્રાન્ટ-ઈન-એઈડ શાળાઓ અને સ્વનિર્ભર શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

(૧) સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

(3) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, જુના સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના યોગ્ય તે કાર્યવાહી અર્થે :-</u>

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નોંધાયેલ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ અને અમલવારી સારૂ.

(૨) સંયુક્ત નિયામક, સંશોધન શાખા, સદર કચેરી

## પરિશિષ્ટ-૧

## વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓનું પરિણામ પત્રકનો નમૂનો અને તેની સૂચનાઓ

### પરિણામ પત્રકનો નમૂનો

| વિષય | પ્રથમ પરીક્ષા ગુણ | દ્વિતિય પરીક્ષા ગુણ | આંતરિક મૂલ્યાંકનના ગુણ | વાર્ષિક પરીક્ષાના ગુણ | કુલ ગુણ | મેળવેલ ગુણ | સિદ્ધિ ગુણ | કૃપા ગુણ | ગ્રેડ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૫૦ | ૫૦ | ૨૦ | ૮૦ | ૭૦ | ૧૦૦ | ૧૫ | ખૂટે તેટલા | | |
| ગુજરાતી | ૨૨ | (COVID-19) ના કારણે પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી ગુણાંકન દર્શાવેલ નથી. | ૧૬ | (COVID-19) ના કારણે પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી ગુણાંકન દર્શાવેલ નથી. | ૩૮ | ૫૪ | | | C+ | ૫૯.૦૦ ટકા |
| હિન્દી | ૨૫ | | ૧૨ | | ૩૭ | ૫૩ | | | C+ | |
| અંગ્રેજી | ૨૧ | | ૧૭ | | ૩૮ | ૫૪ | | | C+ | |
| સંસ્કૃત | ૩૯ | | ૧૬ | | ૫૫ | ૭૯ | | | B+ | |
| સામાજિક વિજ્ઞાન | ૧૬ | | ૧૬ | | ૩૨ | ૪૬ | | | C | |
| ગણિત | ૨૬ | | ૧૩ | | ૩૯ | ૫૬ | | | C+ | પરિણામ પાસ |
| વિજ્ઞાન | ૩૫ | | ૧૫ | | ૫૦ | ૭૧ | | | B+ | |
| ચિત્રકામ | - | | ૧૦ | | - | ૫૦* | | | C | |
| સ્વા. અને શા.શિક્ષણ | - | | ૧૫ | | - | ૭૫* | | | B+ | |
| કમ્પ્યુટર | - | | ૧૮ | | - | ૯૦* | | | A | |
| કુલ ગુણ | ૧૮૪ | | - | | ૨૮૯ | ૪૧૩ | | | | |
| કુલ ગુણ | ૭૦૦ માંથી ૪૧૩ | | | | | | | | | |

*નોંધ:- પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં મેળવેલ ગુણનો સરવાળો કુલ ગુણમાં ગણતરીમાં લેવાનો નથી. તેમજ તે વિષયો માટે ગ્રેડના ખાનામાં મેળવેલ ગુણના આધારે ગ્રેડ દર્શાવવાનો રહેશે. (દા.ત. ચિત્રકામમાં આંતરિક મૂલ્યાંકનના મેળવેલ ૧૦ ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરતા ૫૦ ગુણ થાય જે નીચેની સુચના ક્રમ-૭ માં દર્શાવેલ કોષ્ટક મુજબ ગ્રેડ “C” થાય.)

<u>પરિણામ પત્રક તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની સૂચનાઓ:-</u>

1. નોવેલ કોરોના વાયરસ (COVID-19) ના કારણે દ્વિતીય પરીક્ષા અને વાર્ષિક પરીક્ષા યોજવામાં આવેલ નથી જેથી દ્વિતીય પરીક્ષા અને વાર્ષિક પરીક્ષાના ગુણના ખાનામાં ગુણના બદલે "(COVID-19) ના કારણે પરીક્ષા યોજવામાં આવેલ નથી" તેમ દર્શાવવાનું રહેશે. ગુણાંકન દર્શાવવાનું રહેશે નહી.
2. દ્વિતીય પરીક્ષા અને વાર્ષિક પરીક્ષા યોજાયેલ ન હોવાના કારણે કુલ ગુણના ખાનામાં ૧૨૦ ગુણના બદલે પ્રથમ પરીક્ષા અને આંતરિક મૂલ્યાંકનના કુલ ૭૦ ગુણમાંથી ગુણાંકન કરીને વિષયવાર ગુણ દર્શાવવાના રહેશે.

3. પ્રાયોગિક પાસા સિવાયના વિષયો માટે મેળવેલ ગુણના ખાનામાં ૭૦ ગુણમાંથી મેળવેલ વિષયવાર ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને દર્શાવવાના રહેશે.
4. જ્યારે પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયોમાં જો આંતરિક મૂલ્યાંકનના ગુણ આપવાની જોગવાઈ હોય તેવા વિષયોમાં આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરીને મેળવેલ ગુણના ખાનામાં ગુણ દર્શાવવાના રહેશે અને તેના આધારે ગ્રેડ નક્કી કરીને ગ્રેડના ખાનામાં ફક્ત ગ્રેડ દર્શાવવાનો રહેશે. (ઉપર દર્શાવેલ નમૂનામાં ચિત્રકામમાં આંતરિક મૂલ્યાંકનના ૧૦ ગુણ છે જેને ૧૦૦ ગુણમાં રૂપાંતરિત કરતા ૫૦ ગુણ થાય, નીચે દર્શાવેલ ક્રમ-7 મુજબના કોષ્ટકમાં ગ્રેડ વર્ગીકરણ દર્શાવેલ છે તે મુજબ તે ૪૧ થી ૫૦ ગુણના ગ્રેડ વર્ગીકરણમાં આવતા હોય તેનો ગ્રેડ "C" દર્શાવેલ છે.)
5. જે વિદ્યાર્થીએ દરેક વિષયમાં 33 ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ છે એટલે કે તમામ વિષયોમાં પાસ થાય છે તેવા વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓ જે પરિણામ મેળવતા હોય તે પરિણામ અને ટકા નિયત ખાનામાં દર્શાવવાના રહેશે.
6. ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ તેમજ ધોરણ-૧૧ અન્ય પ્રવાહના જે વિષયોની પ્રાયોગિક પરીક્ષા વાર્ષિક યોજવાની હતી તે પ્રાયોગિક પરીક્ષા યોજાયેલ નથી. તેથી આવા પ્રાયોગિક વિષયમાં ગુણને બદલે (--) દર્શાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીને પ્રાયોગિક વિષયમાં પાસ જ ગણવાના રહેશે.
7. ગ્રેડ વર્ગીકરણનું કોષ્ટક

| ગ્રેડ વર્ગીકરણ | | |
|---|---|---|
| ક્રમ | મેળવેલ ગુણ | ગ્રેડ |
| ૧ | ૯૧ થી ૧૦૦ | A+ |
| ૨ | ૮૧ થી ૯૦ | A |
| 3 | ૭૧ થી ૮૦ | B+ |
| ૪ | ૬૧ થી ૭૦ | B |
| ૫ | ૫૧ થી ૬૦ | C+ |
| ૬ | ૪૧ થી ૫૦ | C |
| ૭ | 33 થી ૪૦ | D |
| ૮ | 33 થી ઓછા | E |

ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં માસ પ્રમોશનથી વર્ગ બઢતીની સૂચનાઓની સ્પષ્ટતા બાબત.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૮૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી જુના સચિવાલય પાસે,
ગાંધીનગર
તા.૨૯/૦૪/૨૦૨૧

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,

ગુજરાત રાજય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માસ પ્રમોશનના અંગેની સૂચનાઓ સંદર્ભે સ્પષ્ટતા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૯૬-૪૨૧૬ તા.૨૭/૦૮/૨૦૧૮

(૨) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:મશબ/૧૨૨૦/૮૭/છ તા.૧૬/૦૪/૨૦૨૧

(3) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૩૨-૭૦ તા.૨૩/૦૪/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર-૨ થી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરીને ઉપલા ધોરણમાં લઈ જવા માટેની જોગવાઈ થયેલ છે. સંદર્ભદર્શિત પત્ર-૩ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં આવેલ તમામ માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને માસ પ્રમોશન માટેની જોગવાઈઓની જાણ કરવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભદર્શિત પત્ર-૩ અંગે શાળાના આચાર્યો / શિક્ષકો મારફતે શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માં COVID-19 ની પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીઓની હાજરી અને આંતરિક મૂલ્યાંકન, એકમ કસોટી તેમજ પ્રથમ પરીક્ષા સંદર્ભે કેટલીક રજૂઆતો અત્રેની કચેરીને મળેલ છે. ઉક્ત રજૂઆતોના પ્રત્યુત્તરમાં આ સાથે સામેલ પત્રક-A મુજબ FAQs તૈયાર કરેલ છે. તે ધ્યાને લઈ માસ પ્રમોશન અંગેની કાર્યવાહી કરવાની રહે.

બિડાણ :-

- પત્રક – A મુજબના FAQs

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના યોગ્ય તે કાર્યવાહી અર્થે :-

- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ અને અમલવારી સારૂ.

## પત્રક – A

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના પરિણામ તૈયાર કરતી વખતે ઉદ્‌ભવેલ પ્રશ્નો અને નિરાકરણ (FAQs)

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૧ | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી પ્રથમ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ નથી તો પ્રથમ પરીક્ષાના ૫૦ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા પ્રથમ કસોટીની પુન: પરીક્ષા (રી ટેસ્ટ) ઓનલાઈન યોજીને મૂલ્યાંકન કરવાનું રહે. |
| ૨ | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સામયિક કસોટી (એકમ કસોટી) માં ઉપસ્થિત રહેલ નથી તો આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સામયિક કસોટી (એકમ કસોટી) ના ૧૦ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા સામયિક કસોટી (એકમ કસોટી) ની પુન: પરીક્ષા (રી ટેસ્ટ) ઓનલાઈન યોજીને મૂલ્યાંકન કરવાનું રહે. |
| 3 | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ નોટબુક સબમિશનમાં ઉપસ્થિત રહેલ નથી તો આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ નોટબુક સબમિશનના ૦૫ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા નોટબુક સબમિશન માટે વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમિયાન વર્ગકાર્ય અને ગૃહકાર્યને આધારે ઓનલાઈન મૂલ્યાંકન કરવાનું રહે. |
| ૪ | COVID-19 ની પરિસ્થિતિમાં કોઈ વિદ્યાર્થી આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સબજેક્ટ એનરીચમેન્ટ એકટીવીટીમાં ઉપસ્થિત રહેલ નથી તો આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરેલ સબજેક્ટ એનરીચમેન્ટ એકટીવીટીના ૦૫ ગુણમાંથી મૂલ્યાંકન કેવી રીતે કરવું ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા સબજેક્ટ એનરીચમેન્ટ એકટીવીટી માટે વિદ્યાર્થી દ્વારા વર્ષ દરમિયાન વિષયને અનુરૂપ કરવામાં આવેલ પ્રવૃત્તિ તેમજ અન્ય પ્રવૃત્તિને આધારે ઓનલાઈન મૂલ્યાંકન કરવાનું રહે. |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૫ | કોઈ વિદ્યાર્થી શાળા દ્વારા ઓફલાઈન કે ઓનલાઈન લેવાયેલ પ્રથમ પરીક્ષામાં સામાજિક કારણે / માંદગીના કારણે / કે અન્ય કોઈ કારણે અમુક વિષયોની પરીક્ષામાં ઉપસ્થિત રહી શકેલ નથી. એટલે કે અમુક વિષયોમાં ઉપસ્થિત રહેલ છે તેવા વિદ્યાર્થીને જે વિષયમાં ગેરહાજર રહેલ છે તે વિષય માટેના પ્રથમ કસોટીના ગુણાંકન માટે શું પ્રક્રિયા કરવાની થાય ? | વિદ્યાર્થીનું પરિણામ હાલ પૂરતુ WITH HELD (સ્થગિત) રાખીને COVID-19 ની ગાઈડલાઈનને ધ્યાને લઈ આવા વિદ્યાર્થી માટે શાળા દ્વારા જે વિષયમાં ગેરહાજર રહેલ હોય તે વિષયની પ્રથમ કસોટી માટેની પુન: પરીક્ષા (રી ટેસ્ટ) ઓનલાઈન યોજીને મૂલ્યાંકન કરવાનું રહે. |
| ૬ | જે વિદ્યાર્થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં સતત ગેરહાજર રહેલ છે, પ્રથમ પરીક્ષા, એકમ કસોટી કે આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરવામાં આવેલ માપદંડો મુજબની કોઈ પ્રક્રિયામાં સામેલ થયેલ નથી તેમજ શાળા દ્વારા ચલાવવામાં આવેલ હોમ લર્નિંગના પ્રોગ્રામ અંતર્ગત ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં પણ બિલકુલ જોડાયેલ નથી તેવા કિસ્સામાં માસ પ્રમોશન માટે શું પ્રક્રિયા હાથ ધરવાની થાય ? | જે વિદ્યાર્થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં સતત ગેરહાજર રહેલ છે, પ્રથમ પરીક્ષા, એકમ કસોટી કે આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરવામાં આવેલ માપદંડો મુજબની કોઈ પ્રક્રિયામાં સામેલ થયેલ નથી તેમજ શાળા દ્વારા ચલાવવામાં આવેલ હોમ લર્નિંગના પ્રોગ્રામ અંતર્ગત ઓનલાઈન કે ઓફલાઈન શૈક્ષણિક કાર્યમાં પણ બિલકુલ જોડાયેલ નથી તેવા કિસ્સામાં માસ પ્રમોશન માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની થાય.<br>(૧) આવા વિદ્યાર્થી માટે પ્રથમ કસોટી અને એકમ કસોટી માટે રી ટેસ્ટ ઓનલાઈન યોજીને ગુણાંકન કરવાનું રહે.<br>(૨) આંતરિક મૂલ્યાંકન માટે FAQs ક્રમ-૨, ૩ અને ૪ મુજબની કાર્યવાહી અનુસરવાની રહે. |
| ૭ | ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં ઓનલાઈન કે ઓફલાઈન સતત ગેરહાજર રહેનાર તથા પ્રથમ પરીક્ષા, એકમ કસોટી કે આંતરિક મૂલ્યાંકન માટે નિયત કરવામાં આવેલ માપદંડો મુજબની કોઈ પ્રક્રિયા કરેલ નથી તેમજ શાળામાં પણ ઓનલાઈન કે ઓફલાઈન | આવા કિસ્સામાં ખરેખર વિદ્યાર્થી વર્ષ દરમિયાન કોઈ શૈક્ષણિક પ્રવૃત્તિ કરેલ નથી કે શાળાના સંપર્કમાં રહેલ નથી તેમજ પુન: કસોટીમાં પણ હાજર રહેલ ન હોય તો તેવા વિદ્યાર્થીના વાલી પાસેથી ઉક્ત વિદ્યાર્થી ચાલુ ધોરણમાં જ નવા શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કરવા માંગે છે અને 'માસ પ્રમોશનથી વર્ગ |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તર |
| --- | --- | --- |
| | શૈક્ષણિક કાર્ય દરમિયાન જોડાયેલ નથી અને ઓનલાઈન / ઓફલાઈન હોમ લર્નિંગમાં પણ બિલકુલ જોડાયેલ નથી અને FAQs ક્રમ નં-૬ મુજબની પ્રક્રિયા કરવા છતાં વિદ્યાર્થી દ્વારા પુન: કસોટી આપવા માંગતો નથી તો તેવા કિસ્સામાં શું કરવાનું રહે ? | બઢતીનો લાભ લેવા માંગતા નથી' તેવી બાંયધરી લઈને વિદ્યાર્થીને હાલના ધોરણમાં પ્રવેશ ચાલુ રાખવાનો રહે અને આવા કિસ્સામાં વિદ્યાર્થીને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવાનું થાય તો શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રીમાર્ક્સના ખાનામાં "વિદ્યાર્થી દ્વારા માસ પ્રમોશન સ્વીકારેલ નથી" તેવી નોંધ કરવાની રહે. |
| ૮ | દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પાસ થવાનુ ધોરણ સામાન્ય વિદ્યાર્થીઓની જેમ ૩૩% ગણવુ ? કે દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળતા લાભ મુજબ ૨૦% ગણવુ ? | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૪૧૯૬-૪૨૧૬ તા.૨૭/૦૮/૨૦૧૮ થી નિયત કરવામાં આવેલ વર્ગ બઢતીના નિયમોના નિયમ-૮ ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની રહે. |
| ૯ | શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે બોર્ડ દ્વારા માસ પ્રમોશનનો લાભ આપીને ધોરણ-૯ માંથી ધોરણ-૧૦ માં તેમજ ધોરણ-૧૧ માંથી ધોરણ-૧૨ માં લઈ જવાની જોગવાઈ થયેલ છે. કેટલાક વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા તેઓના સંતાનને માસ પ્રમોશનથી મળનાર વર્ગ બઢતીનો લાભ લેવો નથી તો આવા વિદ્યાર્થી માટે વાલીને શું પ્રત્યુત્તર કરવો જોઈએ ? | વાલીશ્રી દ્વારા તેઓના પાલ્યને ઉપલા ધોરણમાં 'માસ પ્રમોશનથી વર્ગ બઢતીનો લાભ લેવા માંગતા નથી' તેવી લેખિત બાંયધરી મેળવીને જો વિદ્યાર્થી કૃપા ગુણ અને સિધ્ધિ ગુણ આપવાથી પાસ થતો હોય તો પણ સિધ્ધિ ગુણ અને કૃપા ગુણ રદ કરીને તે જ ધોરણમાં પુન: પ્રવેશને પાત્ર ગણવો અને આવા કિસ્સામાં વિદ્યાર્થીને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપવાનું થાય તો શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં રીમાર્ક્સના ખાનામાં "વિદ્યાર્થી દ્વારા માસ પ્રમોશન સ્વીકારેલ નથી" તેવી નોંધ કરવાની રહે. |
| ૧૦ | વિદ્યાર્થીનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ તૈયાર કરીને વિદ્યાર્થીને આપવામાં આવતા ગુણ પત્રકમાં કયા ગુણ દર્શાવવા અને વૈકલ્પિક વિષયમાં શું દર્શાવવુ ? | બોર્ડના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૦૩૨-૭૦ તા.૨૩/૦૪/૨૦૨૧ માં પરિણામ તૈયાર કરવાની વિગતો દર્શાવેલ છે તે ધ્યાને લઈ પ્રથમ પરીક્ષા અને આંતરિક મૂલ્યાંકનના ગુણને ૧૦૦ ગુણમાં રૂપાંતર કરીને મેળવેલ વિષયવાર ગુણને વિદ્યાર્થીના ગુણ પત્રકમાં વિષયવાર દર્શાવવાના રહે. |